Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-6, Continuous Issue-36, March - April 2026

# સંત મેકરણનું સામાજિક સેવા અને સમરસતા ક્ષેત્રે પ્રદાન

કચ્છના લોકાદર પામેલા મહત્ત્વના સંતોમાં એક આદરપાત્ર નામ સંત મેકરણનું છે. સંવત ૧૭૨૩ના આસો સુદ દસમને દિવસે નાની ખોંભડી નામના ગામમાં તેમનો જન્મ. પિતાનું નામ હરધોળજી અને માતાનું નામ પબાંબા, પરિવાર ધાર્મિક સંસ્કારોથી રંગાયેલો. પવિત્ર આત્મા સંત મૈકરશનું બાળપણનું નામ મેકોજી. આ બાળ મેકોજીના સંત મેકરણમાં થયેલા પરિવર્તન વિશે ઘણી રસપ્રદ કિવંદતીઓ આપણને પ્રાપ્ત થાય છે. એમાંની એક મહત્ત્વની કથા એવી છે કે તેમના પિતા હરધોળજી નવું મકાન ચણાવવા માટે ખોદકામ કરાવતા હતા ત્યારે તેમાંથી તેમને પતર, પાવડી, તંબૂડી, ખલકો, ટોપી, પાખડી અને ચૂનડી જેવી વસ્તુઓ મળે છે. બાળ મેકોજીના હાથમાં આ વસ્તુઓ આવી જતાં તેઓ તે લઈને મા આશાપુરાના ચરણે પહોંચી જાય છે. આ વસ્તુઓ ભગવાન રામચંદ્રના ભાઈ લક્ષ્મણની હતી એવી કથા પણ કચ્છમાં પ્રચલિત છે. મા આશાપુરાનાં દર્શન અને આદેશ મુજબ તથા કાપડી ગાંગારાજા ગુરુના કહેવાથી મેકોજીમાંથી ધાર્મિક ભેખ ધારણ કરી 'સંત મેકરણ' બને છે. ગિરનારમાં તપ કરી ભગવાન દત્તાત્રેયનાં દર્શન પામે છે. ગુરુ દત્તાત્રેય પાસેથી કાવડ મળે છે અને સંસારની સેવા કરવાનો તેમનો હુકમ માથે ચઢાવે છે. આ વાત તેમના જ દુહામાં જોઈએ,

“ગુરુ અપની કાવડ લઈ, મેકાજી કો દીન; ખાઓ ખિલાઓ ખલકકો, લોટ માંગિ લવલીન."

આ રીતે મેકાજી કાવડને ખભે ચડાવી ગિરનારને રામરામ કરી સંસારની સેવાના ઉમદા કાર્ય માટે નીકળી પડે છે.

જૂનાગઢથી કાવડ અને સમાજસેવાનો ભેખ લઈ નીકળેલા સંત મેકરણે પહેલી ધૂણી બિલખામાં શરૂ કરી. બાર વર્ષ સુધી બિલખા રહ્યા અને ત્યાંની આસપાસના લોકોને સદાચાર, ભાઈચારો અને જીવનનો સાચો રાહ બતાવ્યો. ત્યારબાદ બીજી ધૂણી તેમણે 'જંગી'ગામમાં શરૂ કરી. જંગીમાં સત્તાના નશામાં માનવધર્મ ચૂકેલા મોમાયા પટેલને ઈશ્વરભજનના રસ્તે વાળે છે. જીવનનો સાચો મર્મ પામવા મોમાયો ગુરુ મેકરણના આદેશથી આડેસર જઈને ગૌસેવાના પવિત્ર કાર્યમાં જોતરાઈ જાય છે. જીવનનો પંથ ભૂલેલા કામી, ક્રોધી, લોભી અને કપટી જીવોને પાછા સારા રસ્તે વાળવા એ જ મોટું સમાજસેવાનું કાર્ય છે જે સંત મેકરણ દાદાએ સુંદર રીતે આજીવન નિભાવ્યું. મોમાયા પટેલની જેમ જંગીના ડુંગરશી ઠક્કરને પૈસાના મોહમાંથી મુક્ત કરી સેવાનો સાચો ધર્મ શીખવે છે. મોમાયા પટેલ કે ડુંગરશી ઠક્કર જેવા મિથ્યાભિમાની લોકોને જીવનનો સાચો રાહ બતાવે છે. તો દાદા મેકરણ જસી રબારણ જેવી ભાઈ વિનાની સંસારમાં હિજરાતી સ્ત્રીના ભાઈ બની તેના જીવનમાં આશાઉલ્લાસ જગાડવાનું સ્તુત્ય કાર્ય પણ બજાવે છે. જંગીથી આગળ દાદા મેકરણ લોડાઈ ગામે આવીને પોતાનું આસન જમાવે છે. લોડાઈના પટેલની પુત્રી માતા લીરબાઈને શિષ્યા તરીકે સ્વીકારી તેની ઈશ્વરશોધના સાચા રાહબર બને છે.

સમાજમાં વિહરતા અન્ય સંતોની પેઠે દાદા મેકરણે માત્ર પોતાની જ આધ્યાત્મિક શોધને અગ્રીમતા નથી આપી. ઈશ્વરભક્તિની સાથે સાથે તેમણે સમાજસુધારણાનું અને સામાજિક સમરસતા સાધવાનું ઉમદા કાર્ય જીવનભર સુપેરે નિભાવ્યું છે. સમાજમાં વ્યાપ્ત ઊંચનીચના જાતિભેદોથી દૂર તેમણે માનવમાત્રનો મહિમા કરી તેને સદરસ્તે દોરવાનું પ્રશંસનીય કાર્ય બજાવ્યું છે. એટલે જ જૂનાગઢ-ગિરનારના સંત મયાગરજીને વનવાસ છોડીને જનવાસ સ્વીકારી રામભજન કરવાનો બોધ આપ્યો. જુઓ આ દોહરો ;

“શૂરવીર અરૂ સંત કો, બન મેં નહિ કરના; જનસેવા કી સાથ મેં, રામભજન કરના."

આ રીતે મયાગરજી સાથે રહી આ ભૂમિના લોકોની સેવામાં સદા તત્પર થવા ધૂણી ધખાવે છે.

સમાજસુધારણાના ક્ષેત્રે તેમણે કરેલ સ્ત્રી ઉદ્ધારની વાત જસી રબારણ અને લીરબાઈ જેવાં દૃષ્ટાંતોમાં મળે છે. તો આહિર જ્ઞાતિમાં વ્યાપ્ત કુરિવાજોને નાબૂદ કરવાનું કાર્ય પણ તેમણે ઉપાડયું હતું. આ વિશે દુલેરાય કારાણી 'કચ્છના સંતો અને કવિઓ' ભાગ-૨માં યોગ્ય જ નોંધે છે કે, “આહિર જ્ઞાતિમાં એ વખતે કેટલીક કઢંગી રૂઢિઓ ચાલતી હતી. દાદાએ આહિરોને સમજાવી એવી ઘણી રૂઢિઓ દૂર કરાવી હતી. આહિરોમાંથી ઓસરી ગયેલી અતિથિસત્કારની ભાવના એમણે ફરી જાગૃત કરી હતી. એકબીજાને મળતી વખતે આહિરો 'જુહાર' શબ્દનો ઉપયોગ કરતા, તેને બદલે 'રામરામ કહેવાનો રિવાજ એમણે ચાલુ કરાવ્યો હતો. રામનામ પર દાદાને અનંત શ્રદ્ધા હતી એ કહેતા કે;"રરે મમે રામ ચો, આતમ ઈ મ ભૂલ;

ત કડે કનેં ન સુણેં, જન્મે રાંધી હુલ."

ર અને મ અક્ષરથી બોલાતા રામનામનો ઉચ્ચાર કરતો રહે ઓ આત્મા! તું આ વાત ભૂલીશ નહિ. એમ કરીશ તો કદી જમની હાકલ તને સાંભળવા મળશે નહિ.” (પૃ.૨૯)

કચ્છની સૂકી ધરા પર રણમાં તરસે મૃત્યુ પામતા અને પાણી વિના ટળવળતા મુસાફરો માટે સેવાની એક આગવી પદ્ધતિ અપનાવી. ધર્મપ્રેમી કુંભાર પાસેથી લાલિયો ગધેડો મેળવી પોતાને ત્યાં રહેલા મોતિયા કૂતરા - આ બંનેનો ઉપયોગ લોકસેવા માટે કર્યો. સવાર પડતાંની સાથે લાલિયાની પીઠ પર પાણી ભરેલાં માટીનાં વાસણો મુકાઈ જતાં અને લાલિયો-મોતિયો સેવા માટે નીકળી પડતા. આ બંનેની જુગલબંધીએ કૈંક માનવોનાં જીવન બચાવી રણની ધોમધખતી ધરતીમાં સાચી માનવસેવાનું કાર્ય બજાવ્યું.

દાદા મેકરણની સમાજસેવાનું કાર્ય નાતજાતના વાડાથી પર હતું. સમાજમાં જીવતા દરેક માનવો તેમને મન સરખા હતા અને સમાજમાં અસ્પૃશ્ય મનાયેલી જાતિઓને તો તેમણે સવિશેષ મહત્ત્વ આપ્યું હતું. જેથી કરીને સમાજમાં તેઓને યોગ્ય સન્માન અને સ્વાભિમાનપૂર્વક જીવવાની તક મળે. અસ્પૃશ્ય જાતિઓ તરફનો તેમનો પ્રેમ તેમના આ શબ્દોમાં વ્યક્ત થાય છે,

“ઈંકે વલિયું કોરિયું, કેંકે વલા વેઢ; વર્ષે કના વલા, મુંડે ઢાઢી ને બ્યા ઢેઢ."

કોઈને કોરીઓ (પૈસા) વહાલા છે અને કોઈને વેઢ-વીંટી વગેરે આભૂષણો વહાલાં છે, પણ મને તો વહાલા કરતાં પણ વહાલા ઢાઢી-ઢેડ એવા અછૂત ભાઈઓ છે.

આજથી બસો વર્ષ પહેલાં થઈ ગયેલા આવા સંતનાં આ વાક્યો ખરેખર અભિનંદનકારી ઘટના છે. હજુ આજે પણ એકવીસમી સદીમાં અસ્પૃશ્યતા નાશ નથી પામી ત્યારે બસો વર્ષ અગાઉના રૂઢિચુસ્ત સમાજમાં અસ્પૃશ્યતા વિશે આવી વાત મૂકવી ને વર્તનમાં સાકાર કરી બતાવવી એ સાચ્ચે જ ઘણું કપરું કાર્ય ગણાય. દાદા મેકરણે લોડાઈના હીરા હરિજનને પોતાની સાથે સમાધિ લેવાનું આમંત્રણ આપ્યું હતું. પરંતુ હીરો એ પડકાર ઝીલી શક્યો નહોતો. જોકે બીજા દિવસે દાદાની સમાધિની અદ્ભુત વાતો તેણે સાંભળી ત્યારે તેના અંતરમાં ખૂબ પસ્તાવો થયો અને તેના આઘાતથી તેનું મૃત્યું થયું હતું. એના શબને મંદિરની બહાર પાછળના ભાગમાં સમાધિ આપવામાં આવી હતી.

માનવ સમાનતાના અને સેવાના સાચા ભેખધારી દાદાની વાણી સરળ છતાં મર્મસ્પર્શી રીતે તેમના દુહાઓમાં વ્યક્ત થઈ છે. અહીં તેમના એવા કેટલાક દુહાઓ જોઈએ જેમાં માનવતાનો મહિમા ઉજાગર કરવાની શીખ આપવામાં આવી છે.
"જુઓ તો ઝેર મ થિયો સક્કર થિયો સેણ, મરી વેથા માડુઆ, રોંધા ભલેજાં વેશ."

(હે માનવીઓ, જીવન દરમ્યાન કયારેય ઝેર જેવા ન થજો, પણ સાકર જેવા થઈ રહેજો, આપણે મૃત્યુ પામીશુ પરંતુ આપણા વેશ જીવતા રહેશે.)

"કોરિયું કોરિયું કુરો કરે ઓ ! કોરિયે મેં અથ કૂડ, ભરી વેંધા માડુઆ ! મોં મેં પોંથી પૂડ."

(પૈસા પૈસા શું કરો છો ? પૈસામાં તો કૂડ-કપટ રહેલાં છે. ઓ માનવીઓ! તમે મૃત્યુ પામવાના છો અને આખરે મુખમાં ધૂળ પડવાની છે.)
"સ્વારથ તાં સૌ કો કરે, પરમારથ કરે ન કોય; હથો છડે મસાણમેં, કુવાડો છડે ન કોય."

(સૌ કોઈ સ્વાર્થ જ સાધે છે, પરમાર્થ કોઈ કરતા નથી. સ્મશાનમાં માત્ર હાથો જ છોડી દેવામાં આવે છે, પરંતુ કુહાડો તો જેવો ને તેવો કાયમ જ રહે છે.)

"ભલો કરીષ ભલો થિયે, ભુછો કરીથ ભુછો; પંથ ઈ તાં પથરો, મુંકે કુલા પુછો !"

(ભલું કરતાં ભલું થશે અને બૂરું કરતાં બૂરું થશે. આ રસ્તો તો પાધરો જ છે. એમાં મને શા માટે પૂછો ?)

"કચ્છજા લોઆશા, સિંધજા મોઆણા, ભાંભેર જા ભીલ; મેકણ ચેં માડુઆ, ઈની ત્રી જો હિકડો મીલ."

(કચ્છના લોહાણા, સિયના મોઆણા અને ભાંભેરના ભીલ એ ત્રણેનો સિદ્ધાંત મેકણ કહે છે કે એક જ પ્રકારનો હોય છે.)

આમ તેમના સાહિત્યમાં સામાજિક સેવા, સમરસતા અને સાચા અધ્યાત્મની મૂલ્યવાન વાતો ખૂબ સુંદર રીતે વણાઈ છે. દાદા મેકરણનું સમગ્ર જીવન અને સાહિત્ય સમાજસેવા અને સામાજિક સમરસતાનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે અને આપણા માટે બહુ મોટી પ્રેરણા બની રહે છે.

સંદર્ભગ્રંથ સૂચિ:
(૧) કચ્છના સંતો અને કવિઓ ભાગ -૨ લે. દુલેરાય કારાણી
(૨) ગુજરાતી સંતસાહિત્યવિમર્શ - લે. બળવંત જાની
(૩) કચ્છના જ્યોતિર્ધરો - લે. ડૉ. ગોવર્ધન શર્મા અને ડૉ. ભાવના મહેતા

---

ડૉ. પ્રવીણભાઈ શનાભાઇ વાઘેલા
એમ. એમ. ચૌધરી આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગર
મોબાઈલ નંબર:૯૪૨૭૮૫૮૨૪૮